# ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

**તા. 08/05/2025ના રોજ મળેલી વિદ્યાસભાની ખાસ બેઠકનો અહેવાલ**

ગૂજરાત વિદ્યાપીઠની વિદ્યાસભાની **વર્ષ 2025-26ની પ્રથમ બેઠક તા. 08-05-2025 ને ગુરુવારના રોજ બપોરે 04-00** વાગ્યે આદરણીય કુલપતિશ્રીની અધ્યક્ષતામાં સમિતિ કક્ષ, મુખ્ય કાર્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ ખાતે મળી હતી. આ બેઠકમાં નીચે મુજબના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

| | | | |
|---|---|---|---|
| 1. | ડૉ. હર્ષદભાઈ પટેલ | : | અધ્યક્ષશ્રી (કુલપતિ) |
| 2. | ડૉ. સંજયભાઈ મકવાણા | : | સભ્યશ્રી (ડીન, ભાષાઓ અને સાહિત્ય વિદ્યાશાખા અને વિભાગીય અધ્યક્ષ, ગુજરાતી વિભાગ) |
| 3. | ડૉ. કનૈયાલાલ નાયક | : | સભ્યશ્રી, (ડીન, સામાજિક વિજ્ઞાન વિદ્યાશાખા અને વિભાગીય અધ્યક્ષ, ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ) |
| 4. | ડૉ. દિપુબા દેવડા | : | સભ્યશ્રી, (ડીન, શિક્ષણ વિદ્યાશાખા અને વિભાગીય અધ્યક્ષ, શિક્ષણ વિભાગ) |
| 5. | ડૉ. નીરજભાઈ શેઠ | : | સભ્યશ્રી (ડીન, વિજ્ઞાન વિદ્યાશાખા અને વિભાગીય અધ્યક્ષ, માઇક્રોબાયોલોજી વિભાગ) |
| 6. | ડૉ. જગદિશચંદ્ર ગોઠી | : | સભ્યશ્રી (ડીન, શારીરિક શિક્ષણ વિદ્યાશાખા, શારીરિક શિક્ષણ વિભાગ, સાદરા.) |
| 7. | ડૉ. અજયભાઈ પરીખ | : | સભ્યશ્રી (ડીન, માહિતી, પ્રત્યાયન અને પ્રૌદ્યોગિકી વિદ્યાશાખા અને વિભાગીય અધ્યક્ષ, કમ્પ્યૂટર વિજ્ઞાન વિભાગ) |
| 8. | ડૉ. રાજીવભાઈ પટેલ | : | સભ્યશ્રી (ડીન, વ્યવસ્થાપન વિદ્યાશાખા, વિભાગીય અધ્યક્ષ, ગ્રામવ્યવસ્થાપન અને માનવ સંસાધન વ્યવસ્થાપન વિભાગ) |
| 9. | ડૉ. અશ્વિન ચૌહાણ | : | સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, પત્રકારત્વ વિભાગ.; માહિતી, પ્રત્યાયન અને પ્રૌદ્યોગિકી વિદ્યાશાખા) |
| 10. | ડૉ. ગેલજી ભાટીયા | : | સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, હિન્દી વિભાગ, ભાષાઓ અને સાહિત્ય વિદ્યાશાખા) |
| 11. | ડૉ. અતુલભાઈ પરમાર | : | સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, અંગ્રેજી વિભાગ, ભાષાઓ અને સાહિત્ય વિદ્યાશાખા) |
| 12. | ડૉ. નિમિષાબહેન શુક્લ | : | સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, ગ્રામઅર્થશાસ્ત્ર વિભાગ, સામાજિક વિજ્ઞાન વિદ્યાશાખા) |
| 13. | ડૉ. મહેશ ગામીત | : | સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, સમાજમાનવશાસ્ત્ર વિભાગ, સામાજિક વિજ્ઞાન વિદ્યાશાખા) |
| 14. | ડૉ. પ્રેમ આનંદ મિશ્ર | : | સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, ગાંધીદર્શન વિભાગ, સામાજિક વિજ્ઞાન વિદ્યાશાખા) |
| 15. | ડૉ. પ્રયત્કર કાનડિયા | : | સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, ગ્રંથાલય અને માહિતીવિજ્ઞાન વિભાગ; માહિતી, પ્રત્યાયન અને પ્રૌદ્યોગિકી વિદ્યાશાખા) |
| 16. | ડૉ. બિમાન પાલ | : | સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, યોગ વિભાગ, શિક્ષણ વિદ્યાશાખા) |
| 17. | ડૉ. નિખિલ ભટ્ટ | : | સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, ફુડ એન્ડ ન્યુટ્રિશન વિભાગ, વિજ્ઞાન વિદ્યાશાખા) |
| 18. | ડૉ. જિજ્ઞેશભાઈ પટેલ | : | સભ્યશ્રી (પ્રાધ્યાપક, શિક્ષણ વિભાગ, શિક્ષણ વિદ્યાશાખા) |
| 19. | ડૉ. નિખિલ ભટ્ટ | : | સભ્યશ્રી (પ્રાધ્યાપક, માઇક્રોબાયોલોજી વિભાગ, વિજ્ઞાન વિદ્યાશાખા) |
| 20. | ડૉ. નિમેષકુમાર ચૌધરી | : | સભ્યશ્રી (સહ-પ્રાધ્યાપક, શારીરિક શિક્ષણ વિભાગ, શારીરિક શિક્ષણ વિદ્યાશાખા, સાદરા.) |

21. ડૉ. સતિષભાઈ પટેલ : સભ્યશ્રી (સહ-પ્રાધ્યાપક, ગ્રામવ્યવસ્થાપન અને માનવ સંસાધન વ્યવસ્થાપન વિભાગ, વ્યવસ્થાપન વિદ્યાશાખા)

22. ડૉ. હિમાંશુ પટેલ : સભ્યસચિવ (કુલસચિવ)

(1) ડૉ. ભદ્રાયુ વચ્છરાજાની, સભ્ય (તજ્જ્ઞશ્રી) ડાયરેક્ટર, અદાણી ફાઉન્ડેશન ઓફ એજ્યુકેશન (2) પ્રો. શશિકલા વણજારી, સભ્ય (તજ્જ્ઞશ્રી) કુલપતિ, નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ એજ્યુકેશનલ પ્લાનિંગ એન્ડ એડમિનિસ્ટ્રેશન, નવી દિલ્હી (3) ડૉ. સી.બી. શર્મા, સભ્ય (તજ્જ્ઞશ્રી) પ્રોફેસર, સ્કૂલ ઓફ એજ્યુકેશન, ઇન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી, નવી દિલ્હી (4) ડૉ. સંજયભાઈ ચૌધરી, સભ્ય (તજ્જ્ઞશ્રી) એસોસિયેટ ડીન, સ્કૂલ ઓફ એન્જિનિયરિંગ એન્ડ એપ્લાઈડ સાયન્સ, અમદાવાદ યુનિવર્સિટી, અમદાવાદ (5) પ્રો. અનિલ ગુપ્તા, સભ્ય (તજ્જ્ઞશ્રી) પૂર્વ પ્રાધ્યાપક, આઈ.આઈ.એમ., અમદાવાદ (6) ડૉ. દામિની શાહ, સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, સમાજકાર્ય અને ગ્રામવિકાસ વિભાગ, સામાજિક વિજ્ઞાન વિદ્યાશાખા) બેઠકમાં અગાઉથી જાણ કરીને અનુપસ્થિત રહ્યા હતા.

(ડૉ. મિલનભાઈ ભટ્ટ, પરીક્ષા શાખા અધ્યક્ષ ઉપસ્થિત રહ્યા હતા.)

**આ બેઠકમાં રજૂ થયેલાં કાર્યો અંગે કરવામાં આવેલા ઠરાવોની વિગત નીચે પ્રમાણે છે.**

કાર્ય-1 : પ્રવેશ પ્રક્રિયાની સ્થિતિ સંદર્ભે ચર્ચાવિચારણા કરવા અંગે.

ઠરાવ-1 પ્રવેશ પ્રક્રિયાની સ્થિતિ સંદર્ભે બેઠકમાં વિગતે ચર્ચાવિચારણા કરવામાં આવી. ચર્ચાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

1. પ્રવેશ પ્રક્રિયાનો બીજો તબક્કો તા. 12-05-2025થી 22-06-2025 સુધીનો રહેશે તથા તા. 25-05-2025, તા. 15-06-2025ના રોજ પ્રવેશ પરીક્ષાની પ્રક્રિયા કરવામાં આવશે.
2. ઉમેદવારે જે વિષયમાં ફોર્મ ભર્યું હોય તે સિવાય પ્રવેશ વખતે અન્ય વિષયમાં પ્રવેશ મેળવવા ઇચ્છે તો પ્રવેશ આપી શકાશે.
3. NORTH-EASTના ઉમેદવારો માટે ઑનલાઈન પ્રવેશ પરીક્ષાનું આયોજન ગોઠવવું.

કાર્ય-2 : શૈક્ષણિક વર્ષ 2025થી ગૂજરાત વિદ્યાપીઠ ખાતે UG/PGના નવા અભ્યાસક્રમ શરૂ કરવા અંગે.

ઠરાવ-2 શૈક્ષણિક વર્ષ 2025થી M.Sc. ITનો અભ્યાસક્રમ 60+6ની ઇન્ટેક સાથે શરૂ કરવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-3 : પીએચ.ડી.માં પ્રવેશ પ્રક્રિયા સંદર્ભે ચર્ચાવિચારણા કરવા અંગે.

ઠરાવ-3 પીએચ.ડી.માં પ્રવેશ પ્રક્રિયા સંદર્ભે યુ.જી.સી.ના પત્રક્રમાંક F.4-1 (UGC-NET Review Committee/2024(NET)/140648, તા. 28-03-2024 અનુસાર નીચે દર્શાવેલી સારણી મુજબ વર્ષ-2025માં Ph.D.માં 82ની સંખ્યામાં પ્રવેશ આપવા અને 1 જુલાઈ 2025થી પીએચ.ડી.નો અભ્યાસ શરૂ કરી શકાય તે રીતે પ્રવેશપત્રો મંગાવવાની અને GDPI ગોઠવવાની તારીખો નક્કી કરવાનું ઠરાવવામાં આવ્યું.

**પીએચ.ડી. વિદ્યાર્થીસંખ્યાનું અનામત મુજબ વિવરણ - 2025**

| ક્રમ | વિષય | Total | SC | ST | OBC | EWS | UR |
|---|---|---|---|---|---|---|---|
| | | | 15% | 7.50% | 27% | 10% | |
| 1 | ગુજરાતી | 6 | 1 | 1 | 1 | 1 | 2 |
| 2 | હિન્દી | 2 | 1 | 0 | 0 | 0 | 1 |
| 3 | અંગ્રેજી | 4 | 1 | 0 | 1 | 0 | 2 |
| 4 | અર્થશાસ્ત્ર | 12 | 2 | 1 | 3 | 1 | 5 |
| 5 | ઈતિહાસ | 8 | 1 | 1 | 2 | 1 | 3 |
| 6 | સમાજશાસ્ત્ર | 2 | 0 | 0 | 1 | 0 | 1 |
| 7 | ગાંધીવિચાર | 2 | 0 | 0 | 1 | 0 | 1 |
| 8 | સમાજકાર્ય | 5 | 1 | 0 | 1 | 1 | 2 |
| 9 | શિક્ષણશાસ્ત્ર | 20 | 3 | 2 | 5 | 2 | 8 |
| 10 | શારીરિક શિક્ષણ | 6 | 1 | 1 | 1 | 1 | 2 |
| 11 | માઇક્રોબાયોલોજી | 6 | 1 | 0 | 2 | 1 | 2 |
| 12 | કોમ્પ્યૂટર | 3 | 0 | 0 | 1 | 0 | 2 |
| 13 | પત્રકારત્વ | 2 | 0 | 0 | 1 | 0 | 1 |
| 14 | ગ્રામ વ્યવસ્થાપન | 2 | 0 | 0 | 1 | 0 | 1 |
| 15 | યોગવિદ્યા | 2 | 0 | 0 | 1 | 0 | 1 |
| | **Total** | **82** | **12** | **6** | **22** | **8** | **34** |

અંતે સૌ સભ્યોનો આભાર માનીને બેઠકની કાર્યવાહી પૂર્ણ જાહેર કરી.

(ડૉ. હિમાંશુ પટેલ)
કુલસચિવ

તા. 31-05-2025